ગાર્ડન વિભાગ - મહાનગરપાલિકા ભાવનગર

ગાર્ડન સુપ્રિ.શ્રીની કચેરી
સરદારબાગ (પીલગાર્ડન)
ગાર્ડન વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર.
તા. ૦૬/૦૩/૨૦૨૫
૦૭

# પ્રેસનોટ

આથી ભાવનગર શહેરના તમામ નગરજનોને જણાવવાનું કે, ભાવનગર મહાનગરપાલિકા હસ્તકના શહેરના જાહેર સ્થળોના બ્યુટીફિકેશન માટે મહાનગરપાલિકાના વિવિધ વિભાગોમાં પડેલ સ્ક્રેપ/વેસ્ટ-મટીરીયલ માંથી વિવિધ પ્રકારના સ્કલ્પચર બનાવવા માટે Q.C.B.S. (Quality-cum-Cost Based Selection) પદ્ધતિ થી ટેન્ડર પ્રકિયા કરીને હાલ કામગીરી પ્રગતી હેઠળ છે.

ભાવનગર શહેરની આગવી ઓળખ તેમજ શોભામાં અભિવૃદ્ધિ થાય તેવા હેતુથી શહેરના જાહેર સ્થળોના બ્યુટીફિકેશન માટે મહાનગરપાલિકાના વિવિધ વિભાગોમાં પડેલ સ્ક્રેપ/વેસ્ટ-મટીરીયલ' માંથી વિવિધ પ્રકારના ૩૦ સ્કલ્પચર પૈકી ૧૪ જેટલા સ્કલ્પચર જેવા કે : (૧) લિફ : ઘોઘા સર્કલ (૨) પેલિકન બર્ડ : પાનવાડી ચોક (૩) હેન્ડ વિથ બટરફ્લાય : બટરફ્લાય પાર્ક (૪) ગરજતો સિંહ : આખલોલ બ્રીજ (૫) હાથી : ક્રેસન્ટ સર્કલ (૬) જુદા જુદા પ્રકારના ચાર હોર્સ : નિલમબાગ ટ્રાફિક આઈલેન્ડ (૭) સ્ક્રેપ ટેપ : આતાભાઈ ચોક (૮) મેક ઇન ઇન્ડિયા લાયન : જવેલ્સ સર્કલ (૯) મેપ ઓફ ઇન્ડિયા : દિલબહાર ટાંકી આઈલેન્ડ (૧૦) તરુ : વિવેકાનંદ સર્કલ (૧૧) એન્કર : ટોપ ૩ સર્કલ આઈલેન્ડ, વગેરે મુકવાની કામગીરી પૂર્ણ થયેલ છે. અન્ય ૧૬ સ્થળોએ જુદા-જુદા પ્રકારના અન્ય સુંદર સ્કલ્પ્ચર રંગબેરંગી લાઈટ ડેકોરેશનથી સુશોભિત કરવામાં આવશે, જેનાથી શહેરની સુંદરતામાં વધારો થશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી.

ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટ
ગાર્ડન વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર.

---

પ્રતિ
માન.તંત્રી મહોદયશ્રી,
............................................
............................................

સવિનય ઉપરોક્ત પ્રેસનોટ આપનાશ્રી બહોળી પ્રસિદ્ધિ ધરાવતા દૈનિક વર્તમાનપત્રમાં લોક હિતાર્થ વિના મુલ્યે પ્રસિદ્ધ કરવા નમ્ર વિનંતી છે.

પી.આર.ઓ.
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર



D:\GARDEN 2024-2025\પ્રેસનોટ\વિભાગની કામગીરી અંગેની પ્રસિદ્ધિ.docx